આરતી સુશોભન - સેક્ટર-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ દરમિયાન પ્રતિ વર્ષ યોજાતી આરતી સુશોભન સ્પર્ધા નગરની મહિલાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે... આરતી સુશોભિત કરવામાં શ્રદ્ધા અને કલાનો અનોખો સંયોગ થાય છે... કલા કૌશલ્ય દ્વારા ભક્તિનું અનોખુ પદાર્પણ એટલે આરતી સુશોભન.... તાજેતરમાં યોજાયેલી આરતી સુશોભન સ્પર્ધાની તસવીરી ઝલક... **(તસવીર : દિપક જાની)**

શહેરમાં રોડ નેટવર્ક પર સ્થિત બમ્પ અંગે તંત્ર સર્વે હાથ ધરશે

જરૂરી ઠેકાણે બમ્પ બનાવાશે : થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવાશે

ગાંધીનગર, તા. ૧૪

શહેરના ૫૧૫ કીલોમીટરના રોડનેટવર્કમાં સેક્ટરોના એપ્રોચ સહીતના વિસ્તારમાં સ્પીડબ્રેકર્સ અંગે સર્વે હાથ ધરાશે. જરૂરી ઠેકાણે બમ્પ બનાવવા ઉપરાંત થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવાની કામગીરી દિવાળી પૂર્વે પૂર્ણ કરી દેવાશે.

શહેરમાં માર્ગ નવીનીકરણની મોટાભાગની કામગીરી બાકી છે. જ્યારે બાકી રહેતા માર્ગોને ચકાચક બનાવવા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવશે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો સહીત સેક્ટરોના આંતરિક માર્ગો પર કેટલા બમ્પ છે તે અંગે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવનાર છે. શહેરમાં સ્થિત ૫૧૫ કીલોમીટરના રોડનેટવર્કને અનુલક્ષી તંત્ર દ્વારા સ્ટેટ હાઈવે સહીત સેક્ટરોના એપ્રોચ પર માર્ગ સલામતીને ધ્યાને લઈ બમ્પ બનાવ્યા છે. બીજી તરફ શહેરમાં છાશવારે બમ્પ બનાવવા જાગૃત નાગરિકો દ્વારા તંત્રને રજુઆત કરવામાં આવે છે. શહેરના રોડનેટવર્કને વધુ સલામત બનાવવા તંત્ર દ્વારા બમ્પને અનુલક્ષી સર્વે હાથ ધરવામાં આવનાર છે. વિભાગ કક્ષાએથી બમ્પના મામલે શહેરના માર્ગોનો અભ્યાસ કરવા સૂચના આપવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સેક્ટરોના મોટાભાગના એપ્રોચ માર્ગ ઉપર બમ્પ બનાવી દેવાયા છે. જ્યારે સેક્ટરોમાં કેટલાક ઠેકાણે સ્થાનિક નાગરિકોએ જાતે બમ્પ બનાવી દેતા તંત્ર દ્વારા જોખમી બમ્પ તોડી નાંખવામાં આવ્યા છે. આગામી દિવસોમાં બમ્પનો સર્વે પૂર્ણ થયા બાદ જરૂરી ઠેકાણે બમ્પ બનાવવા ઉપરાંત થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવાનું કામ પણ હાથ ધરાશે.

ટેકનોલોજીનો વધુ ઉપયોગ અને ફાસ્ટફૂડનો ક્રેઝ : યુવા પેઢીના આરોગ્ય સામે જોખમ!

બજારમાં ઓર્ગેનિક નાસ્તા અને જયુસનું વેચાણ : આધુનિક ઉપકરણોના લીધે બાયાલોજીકલ એઈજ વધી ગઈ છે : ડો. મૈત્રી અગ્રવાલ

ગાંધીનગર, તા.૧૪

હાઈટેક બનતા આજના ભૌતકવાદી યુગમાં ટેકનોલોજીનો ઉપયોગ વધ્યો છે. દુનિયાને આંગળીના ટેરવે કરવાની માનસિકતા સાથે યુવા પેઢી ટેકનોલોજીનો ઓવરયુઝ કરે છે. પશ્ચિમની સંસ્કૃતિના અનુકરણ પાછળ સમાજજીવનમાં સ્ટ્રેસનું પ્રમાણ વધ્યું છે. બીજી તરફ હ્યુમન ઈન્ટરેકશન ખતમ થઈ રહ્યું છે. ફેમીલી લાઈફનો અભાવ વર્તાય છે. અનિયમિત અને બદલાતી જીવનશૈલીની સાથે ફાસ્ટફૂડ મેનિયાક બનતી જતી યુવા પેઢી હેલ્થને વેલ્થ રાખવા માટે બારોબાર બેદરકાર રહેતા ભદ્ર સમાજમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. આવા સંજોગોમાં યુવા પેઢીને આયુર્વેદ ઓર્ગેનિક પધ્ધતિથી તૈયાર કરેલા નાસ્તાની વિવિધ વાનગી અને જયુસ તરફ વાળવા શહેરમાં બજારમાં નવી પ્રોડકટસ ઉપલબ્ધ છે. શહેરના યુવાનોને પ્યોરલી ઈન્ડીયન ફાસ્ટફૂડ તરફ વાળવા નવતર અભિગમ અપનાવાયો છે. ડો. મૈત્રી અગ્રવાલે આ અંગે જણાવ્યું હતું કે ફાસ્ટફૂડ ખાવાનું બંધ કરવા કરતા હેલ્થી ડ્રાયફ્રૂટ જરૂરી છે. ઈન્ફોસિટી સ્થિત કેન્સ કોફી પ્લસમાં આજે યોજાયેલા સેમિનાર દરમિયાન તેમણે જણાવ્યું હતું કે આજની જીવનશૈલીમાં સતત બદલાવ જોવા મળે છે. પ્રેઝન્સ ઓફ માઈન્ડનો અભાવ વર્તાય છે. ટેકનોલોજી ક્ષેત્રે સંકળાયેલી જનરેશનમાં આધુનિક ઉપકરણોના વધુ પડતા ઉપયોગના લીધે હેલ્થ પર વિપરિત અસર જોવા મળે છે. બાયોલોજીકલ એઈજ વધી ગઈ છે. જેના પરિણામે ૪૦ વર્ષની ઉંમરે થતી શારિરીક તકલીફ ૨૮ વર્ષે જોવા મળે છે. ટેકનોલોજીના વધુ પડતા ઉપયોગના લીધે હ્યુમન ઈન્ટરેકશન ખતમ થઈ ગયું છે. બીજી તરફ ફાસ્ટફૂડના લીધે આરોગ્ય પર વિપરીત અસરો જોવા મળે છે ત્યારે આ અતિશયોકિતમાં થોડો સુધાર ચોકકસ લાવવાની અનિવાર્યતા છે. કોફી પ્લસના વિક્રમ સોરઠીયાએ પણ ડોકટરોના ગ્રુપ દ્વારા તૈયાર થયેલી રેસીપી મુજબ હર્બલ બિસ્કીટ, અશ્વગંધા, સતાવરી, સોયાબીન, બ્રાહ્મણી અને બાજરી બિસ્કીટના ફાયદા અંગે સમજ આપી હતી. કેમિકલ વગરની ચોકલેટસ તેમજ ઓર્ગેનિક શરબતથી આરોગ્યને થતા ફાયદા પણ તેમણે જણાવ્યા હતા. આ માટે જીવનતેજ એન.જી.ઓ. તેમજ ખાદી-ઔષધિ જૂથ પણ આ માટે ડેડીયાપાડાના આદિવાસી પાસે ઓર્ગેનિક પધ્ધતિથી ખેતી કરાવે છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના સેક્રેટરી અને ગાંધીનગરના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી દિનેશસિંહ ચાવડા ફ્રેન્કફર્ટ (જર્મની) ખાતે આયોજીત કેન્ટોન ફેરમાં ભાગ લેવા ભારત સરકારના ડેલિગેશનના સભ્ય તરીકે જઈ રહ્યા છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા અંબાજી માટેના પદયાત્રીઓ માટે આરંભાયેલા સેવા કેન્દ્રના આજે અંતિમ દિવસે સૌને દાલબાટીનું ભોજન અપાયુ હતુ.
- પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ અમેરિકાના પ્રવાસેથી પરત ફર્યા છે.
- પંચદેવ યુવક મંડળના સેવાકેન્દ્રમાં પદયાત્રીઓને ખીચડી-છાશનું ભોજન પીરસે છે. આ ઉપરાંત આ સેવા કેન્દ્ર પર ચિકનગુનિયા વિરોધી ઉકાળાનું પણ વિતરણ થાય છે.
- માણસા ખાતેના આજના ગરીબ કલ્યાણ મેળા પછી તંત્રએ છેલ્લા એક સપ્તાહની સતત દોડધામ બાદ આજે રાહતનો શ્વાસ લીધો છે.
- આહિર યુવા ફોરમ દ્વારા આજે ગાંધીનગરમાં વસતા આહિર પરિવારોના તેજસ્વી છાત્રો તેમજ ગાંધીનગરના ચીટનીસ તરીકે ફરજ બજાવી અને બઢતી મેળવનાર જયશ્રીબેન જરૂનુ સન્માન ટાઉનહોલ ખાતેના સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં કરાયું હતું.

વિસનગરા નાગર બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પિતાશ્રી
બાલકૃષ્ણ જયંતિલાલ મહારાજા
તા.: ૧૨-૯-૨૦૧૩ ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે.
સદ્‌ગતનું બેસણું તા.: ૧૫-૯-૨૦૧૩ રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી વાસુદેવતરુ મંદિર, ભાવના ફ્લેટ પાછળ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ

ડો. મહેશભાઈ જયંતિલાલ મહારાજ
માર્કન્ડભાઈ જયંતિલાલ મહારાજ
શુભાંગ દર્શન મહારાજ
તથા
દર્શન બાલકૃષ્ણ મહારાજ
ડો. ચારૂબેન દર્શન મહારાજ

નિવાસ સ્થાન : ૧૦, ચિત્રભાનુ એપાર્ટમેન્ટ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ. Mo. : 9586112049

બ્રહ્મભવન ખાતે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં આ વર્ષે ગણેશોત્સવની ઉજવણીનો રંગ જામ્યો છે. વૈવિધ્યસભર અને અનોખા ગણેશોત્સવ અંતર્ગત અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો દરમિયાન ભાવિકોમાં પણ હર્ષોઉલ્લાસ જોવા મળી રહ્યો છે. જ્યારે હવે તબક્કાવાર ગણેશ વિસર્જનમાં પણ ભાવિકો ઉત્સાહભેર જોડાય છે. બ્રહ્મસમાજ દ્વારા આયોજિત ગણેશોત્સવ અન્વયે શુક્રવારે સાંજે ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે અન્ય ભાવિકો પણ વિસર્જનની વિધિમાં જોડાયા હતા. શહેરમાં ગણેશોત્સવ અન્વયે વિવિધ ૬ જેટલા સ્થળોએ ઉજવણી કરવામાં આવી રહી છે. જ્યારે ગણેશોત્સવના અંતિમ તબક્કામાં હવે ગણેશ-વિસર્જનની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. બ્રહ્મસમાજ આયોજિત ગણેશોત્સવ અન્વયે શુક્રવારે સાંજે ઈન્દ્રોડા સ્થિત કૃત્રિમ તળાવમાં ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. ગુલાલની ઉડતી છોળો તેમજ ઢોલ નગારા સાથે નાચ-ગાન કરતા ભાવિકોએ ગણપતિ બાપાના જય-જયકાર કરી શ્રીજીની મૂર્તિનું વિસર્જન કર્યુ હતુ. બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ, મંજાલ રાવલ, વિક્રાંતભાઈ પુરોહીત સહીત સમાજના આગેવાનો આ ધાર્મિક કાર્યમાં જોડાયા હતા. સે. ૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ તેમજ સે. ૬ ભુવનેશ્વર મહાદેવ દ્વારા પણ આગામી દિવસોમાં ગણેશ વિસર્જનને અનુલક્ષી જરૂરી તૈયારી હાથ ધરવામાં આવી છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૦૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com